

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 089
Dt.: 03-02-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa

### કેન્દ્રના મોટા મંત્રીઓએ ઊભા થઈને ભારે વિરોધ નોંધાવ્યો


# ડોકલામ અને ચીનની ઘૂસણખોરીનો મુદ્દો રાહુલ ગાંધીએ ઉઠાવતા સંસદમાં હોબાળો

**રાહુલ ગાંધીએ કારવાંના પુસ્તક અને પૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના ડોકલામ અંગેના પુસ્તકનો હવાલો આપતાં જ મામલો બીચક્યો હતો અને સંસદમાં હોબાળો મચી ગયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સંસદમાં બજેટ સત્રમાં આજે લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સંબોધન કર્યું. તેમણે ડોકલામ અને ચીનની ઘૂસણખોરીનો મુદ્દો ઉઠાવતા સંસદમાં ભારે હોબાળો થયો હતો. કેન્દ્રના મોટા મંત્રીઓએ ઊભા થઈને ભારે વિરોધ નોંધાવ્યો હતો. રાહુલ ગાંધીએ કારવાંના પુસ્તક અને પૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના ડોકલામ અંગેના પુસ્તકનો હવાલો આપતાં જ મામલો બીચક્યો હતો અને સંસદમાં હોબાળો મચી ગયો હતો. સત્તાપક્ષ તરફથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાહુલ ગાંધીને પડકારવાનો પ્રયાસ કર્યો હતો. હોબાળો વધી જતાં લોકસભાને ત્રણ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું કે આ લોકો કહે છે કે અમે આતંકવાદ સામે લડીએ છીએ પણ એક તથ્યથી ડરે છે. પુસ્તકમાં એવું તો શું છે જેને અમે ન વાંચી શકીએ. અમને વાંચવા તો દો. તેમાં એ તમામ હકીકતો જણાવાઈ છે જે ડોકલામમાં ઘટી હતી. આ પુસ્તક આર્મી જનરલ નરવણેએ જ લખ્યું છે. બસ આ વાત પર રાજનાથ સિંહ ભડક્યા અને તેમણે કહ્યું કે જો નરવણેને લાગતું હતું કે રોક લગાવાઈ છે તો તેઓ કોર્ટ જઈ શકતા હતા. તેઓ કોર્ટ કેમ ન ગયા? રાહુલ ગાંધીએ કહ્યું કે ચીનના ટેંક કૈલાશ રેન્જ પર ચઢી રહ્યા હતા. રાહુલ ગાંધીના આ નિવેદન સામે પણ હોબાળો થવા લાગ્યો હતો. ચીનની ઘૂસણખોરી મુદ્દે રાહુલ ગાંધીએ સંબોધન શરુ કરતાં આજે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ઊભા થઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે, જે માહિતી પ્રકાશિત ન થઈ હોય તેનો ઉલ્લેખ તમે અહીં ન કરી શકો.



જે બાદ કોંગ્રેસના સાંસદોએ ભારે વિરોધ કરતાં કહ્યું કે હજુ રાહુલ ગાંધીએ બોલવાનું શરુ જ કર્યું છે. રાહુલ ગાંધી આર્મીના જનરલ નરવણેના પુસ્તક અંગે નિવેદન આપવા માંગતા હતા. જોકે રાજનાથ સિંહ વારંવાર ઊભા થઈને વિરોધ કરતાં રહ્યા અને કહ્યું કે આ પુસ્તક પ્રકાશિત થઈ છે કે નહીં? જો પ્રકાશિત ન થઈ હોય તો તમે સંસદમાં ન બોલી શકો.

રાજનાથ સિંહે આક્રોશમાં કહ્યું કે, તમે જે પુસ્તકની વાત કરો છો તે પ્રકાશિત થઈ જ નથી. જે બાદ કોંગ્રેસના સાંસદોએ કહ્યું કે, આ માહિતી મેગેઝીનમાં આવી ગઈ છે. સંસદમાં અગાઉ પણ મેગેઝીનના ક્વોટ બોલવામાં આવ્યા છે. જે બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઊભા થઈને કહ્યું કે, તમે સ્પષ્ટતા કરો કે આ પુસ્તક પ્રકાશિત થઈ છે કે નહીં? મેગેઝીન તો કશું પણ લખી શકે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, હું માત્ર ૫ જ વાક્ય બોલવા માંગુ છું જેમાં પૂર્વ ચીફ ઓફ આર્મી સ્ટાફ નરવણેએ PM મોદી અને રાજનાથ સિંહ વિશે વાતો કહી છે. ત્યાર પછી સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, સંસદની કાર્યવાહી સાથે જોડાયેલી ન હોય તેવી પુસ્તકનો કોઈ ઉલ્લેખ અહીં ન કરી શકો.

રાહુલ ગાંધીએ એક મેગેઝિનના લેખને ટાંકીને વાત કરી. આનાથી ટ્રેઝરી બેન્ચમાંથી પણ હોબાળો થયો. સંરક્ષણ મંત્રીએ વાંધો ઉઠાવતાં કહ્યું કે તેમને આવું કરવાની મંજૂરી ન આપવી જોઈએ. ચીનના મુદ્દાને સંવેદનશીલ ગણાવતા અખિલેશ યાદવે કહ્યું કે જો કોઈ સૂચન રાષ્ટ્રીય હિતમાં હોય, તો વિપક્ષના નેતાએ તે વાંચવું જોઈએ. ડૉ. લોહિયાથી મુલાયમ સિંહ યાદવ સુધીના ઉદાહરણો આપતા અખિલેશે કહ્યું કે આપણે ચીન સામે સાવધ રહેવું જોઈએ. લોકસભા સ્થગિત થયા બાદ ૩ વાગ્યે ફરી શરૂ થઈ હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે. ચીનની સેનાની ૪ તોપ કૈલાશ રેન્જમાં ઘૂસણખોરી કરી રહી હતી.... રાહુલ ગાંધી આટલું બોલ્યા એવામાં રાજનાથ સિંહ ઊભા થયા અને કહ્યું કે, વિપક્ષ નેતા આ વાત ક્યાંથી કહી રહ્યા છે? આ કાલ્પનિક વાતો છે. આ સમગ્ર દેશને ભ્રમમાં નાંખી રહ્યા છે. આમને બોલતા રોકવા જોઈએ. રાહુલ ગાંધી આટલું બોલ્યા ત્યાં લોકસભામાં ફરીથી હોબાળો શરૂ થયો. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, તમે માત્ર રાષ્ટ્રપતિના અભિભાષણ પર જ બોલો. આ જ નિયમ છે.

## મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન અંતની નજીક, NDAમાં દોડધામ શરુ!

(સંપૂર્ણ સમાચાર સેવા)મણિપુર

મણિપુરના ૨૦થી વધુ ભાજપ ધારાસભ્યો પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ સાથેની બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી પહોંચ્યા છે. પાર્ટીના રાજ્ય એકમના પ્રમુખ પણ તેમની સાથે છે. મણિપુર ભાજપના પ્રમુખ અધિકારીમાયુમ શારદા દેવીએ જણાવ્યું કે, તમામ રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) ધારાસભ્યોને બોલાવવામાં આવ્યા છે. અમને આશા છે કે જનતાની સરકાર બનશે.

પૂર્વ મુખ્યમંત્રી એન. બિરેન સિંહે કહ્યું, એનડીએના સાથી પક્ષોના તમામ ધારાસભ્યોને બેઠકમાં આમંત્રણ આપવામાં આવી રહ્યું હોવાથી, મને સકારાત્મક પરિણામની આશા છે. અગાઉ, ભાજપના તમામ ધારાસભ્યોની એક બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રપતિ શાસન ૧૨મી ફેબ્રુઆરીએ સમાપ્ત થાય છે. અમને સકારાત્મક પરિણામની આશા છે.

એન. બિરેનને પૂછવામાં આવ્યું કે જો તે સત્તામાં હોત તો પરિસ્થિતિ અલગ હોત, ત્યારે તેમણે કહ્યું, સરકાર એક ચાલુ પ્રક્રિયા છે. મેં મણિપુરમાં પરિસ્થિતિ બદલવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા.

પહાડી અને ખીણ બંને વિસ્તારોમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. લામસંગ મતવિસ્તારના ધારાસભ્ય એસ. રાજન સિંહે કહ્યું, સરકાર રચવાની શક્યતા છે. જોકે, રાજ્યની પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી કેન્દ્રીય નેતૃત્વ દ્વારા નેતાની પસંદગી કરવામાં આવશે. આ બેઠક સોમવારે સાંજે થવાની શક્યતા છે.

ધારાસભ્ય એચ. ડિંગોએ જણાવ્યું હતું કે બેઠક સોમવારે સાંજે યોજાવાની છે, પરંતુ હજુ સુધી એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી. અમને આજે જ દિલ્હી પહોંચવાનું કહેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છેકે, મે ૨૦૨૩થી મણિપુરમાં મૈતેઈ અને કુકી-ઝો જૂથો વચ્ચે વંશીય હિંસામાં ૨૬૦થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. ગયા વર્ષે ૧૩મી ફેબ્રુઆરીએ એન બિરેન સિંહે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ કેન્દ્રએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદ્યું હતું. રાજ્ય વિધાનસભા, જેનો કાર્યકાળ ૨૦૨૭માં સમાપ્ત થાય છે, તેને સ્થગિત કરવામાં આવી હતી. ૬૦ સભ્યોની મણિપુર વિધાનસભામાં ભાજપ પાસે ૩૭ ધારાસભ્યો છે. NDA સાથી NPP અને નાગા પીપલ્સ ફ્રન્ટ(NPF)ના રાજ્યમાં અનુક્રમે છ અને પાંચ ધારાસભ્યો છે.

### ૧૦ મહિનાની સિક્યોરિટી પણ આપવાની

## બેંગલુરુમાં ભાડે ખાલી ફ્લેટ જોવા માટે એક ભાડું આપવાનું

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

આઈટી હબ બેંગલુરુમાં ભાડાનું મકાન શોધવું હવે નાની વાત રહી નથી. શહેરની વધતી વસ્તી, આઈટી જોબ્સ અને સ્ટડન્ટ્સના કારણે ફ્લેટ્સની ડિમાન્ડ ખૂબ જ વધી ગઈ છે. પણ સપ્લાઈ ઓછી છે. આ જ કારણથી મકાન માલિક મનમાની રીતે નિયમ લગાવી રહ્યા છે. હાલમાં જ રેડિટ પર એક ભાડુઆતે પોતાની સ્ટોરી શેર કરી છે, જેણે સોશિયલ મીડિયા પર હોબાળો મચાવી દીધો છે. શખ્સે જણાવ્યું કે, જ્યારે તે બેંગલુરુમાં એક ઘર જોવા ગયો તો ત્યાં ખાલી તેને ફ્લેટ જોવા માટે એક મહિનાનું ભાડું આપવા માટે કહેવાયું. આ સાંભળતા જ તે ત્યાંથી ફ્લેટ જોયા વિના નીકળી ગયો. હવે આ અનુભવ વાયરલ થઈ રહ્યો છે. શખ્સે રેડિટ પર લખ્યું કે તે બેંગલુરુમાં એક ફ્લેટ જોવા માટે ગયો હતો. મકાન માલિકે દરવાજો ખોલ્યો અને કહ્યું કે જોવું હોય તો પહેલા એક મહિનાનું એડવાન્સ ભાડું આપી દો. ભાડુઆતે કહ્યું કે તે ખાલી જોવા આવ્યો છે, હજુ બુકીંગ નથી કરી રહ્યો, પણ આ સાંભળતા જ મકાન માલિકે સ્પષ્ટ ના પાડી દીધી, એડવાન્સ વિના ઘર પણ નહીં જોઈ શકો. શખ્સે કહ્યું કે એ તો ખાલી ઘર જોવા માગતો હતો, બુકિંગનો નિર્ણય તો બાદમાં કરવાનો હતો, પણ માલિક માન્યો નહીં અને દરવાજો બંધ કરી દીધો. ભાડુઆતને એમ જ પાછા ફરવું પડયું. આ પોસ્ટ થતાં જ રેડિટ થ્રેડમાં અસંખ્ય કોમેન્ટ આવવા લાગી. એક યુઝર્સે લખ્યું કે અહીં તો પહેલા મહિનાનું ભાડું +૧૦ મહિનાનું સિક્યોરિટી ડિપોઝિટ+ બ્રોકરેજ માગે છે. હવે જોવા માટે પણ એડવાન્સ? બીજાએ કહ્યું કે, બેંગલુરુમાં ભાડુઆત બનવું મુશ્કેલ થતું જાય છે. આ પોસ્ટ બાદ કેટલાય લોકોએ પોતાની કહાનીઓ શેર કરી છે. અમુકે તો જણાવ્યું કે, તેમની પાસેથી પણ ફ્લેટ જોવા માટે ૫-૧૦ હજાર રુપિયા એડવાન્સમાં માગ્યા હતા, જે બાદ રિફંડ નથી કર્યા.

### સરકારે બજેટમાં લિમિટ વધારી

## ભારતીયો વિદેશથી પહેલા કરતા વધારે સોનું કોઈ ટેક્સ વગર લાવી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મોદી સરકારે એક મોટી રાહત આપતા ડ્યૂટી-ફ્રી ઈમ્પોર્ટ (Duty-free imports) સાથે જોડાયેલા નિયમમાં મહત્વનો ફેરફાર કર્યો છે. નવા બેગેજ નિયમ ૨૦૨૬, અંતર્ગત ભારતમાં ડ્યૂટી-ફ્રી ઈમ્પોર્ટેડ સામાનની લિમિટ ૫૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૭૫,૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. આ નિયમ આજે સોમવારથી લાગુ થઈ ગયા છે.

આ નિયમો અનુસાર, ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના પ્રવાસીઓ હવાઈ કે સમુદ્ર માર્ગે ભારત આવતી વખતે રૂ.૭૫,૦૦૦ સુધીનો સામાન (વ્યક્તિગત ઉપયોગ માટે) ડ્યૂટી વગર સાથે લાવી શકશે. આ પહેલાં આ લિમિટ રૂ.૫૦,૦૦૦ હતી. એટલે કે પહેલા ૫૦ હજાર રૂપિયા સુધીના સોનાની જ્વેલરી અને અન્ય વસ્તુઓ ભારતમાં ડ્યૂટી ફ્રી લાવી શકાતી હતી. જેની લિમિટ ?૭૫,૦૦૦ કરવામાં આવી છે. વિદેશી પ્રવાસીઓ માટે પણ ડ્યૂટી-ફ્રી લિમિટ રૂ.૧૫,૦૦૦થી વધારીને રૂ.૨૫,૦૦૦ કરવામાં આવી છે. આ નિયમોમાં કેટલીક વસ્તુઓ પર ડ્યૂટી-ફ્રી છૂટ નથી મળતી - ફાયરઆર્મ્સ અને ૫૦થી વધુ કારતૂસ, ૧૦૦થી વધુ સિગરેટ અથવા ૨૫થી વધુ સિગાર, ૧૨૫ ગ્રામથી વધુ તમાકુ, ૨ લીટરથી વધુ દારુ, સોનું-ચાંદી (જ્વેલરી સિવાયના અન્ય સ્વરૂપમાં), ટેલિવિઝન.

યાત્રીઓ અને સામાન્ય ગ્રાહકોને વધુ એક મોટી રાહત આપતાં સરકારે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં પર્સનલ ઉપયોગ માટે આયાત (Import) કરાયેલા સામાન પર બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી ૨૦%થી ઘટાડીને ૧૦% કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, આનો હેતુ વ્યક્તિગત આયાત પર કસ્ટમ્સ ડ્યૂટીના સ્ટ્રક્ચરને સરળ બનાવવાનો છે.

આ નિર્ણયથી વિદેશથી મંગાવવામાં આવતા સ્માર્ટફોન, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ અને અન્ય પર્સનલ ઉપયોગ માટેની વસ્તુઓ સસ્તી થઈ જશે. અમેરિકા જેવા દેશોમાંથી આવતા નવા ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ પર આનો સીધો ફાયદો દેખાશે, જ્યાં સામાન્ય રીતે નવા મોડલ્સ સૌથી પહેલાં લોન્ચ થઈ જાય છે.

## અજિતના મૃત્યુ બાદ સુનેત્રાને ડે. સીએમ બનાવવા પાછળ ભાજપ માસ્ટરમાઈન્ડ: ઉદ્ધવ ઠાકરેનો દાવો

### ભાજપ નેતૃત્વ, NCP નેતાઓ સુનીલ તટકરે અને પ્રફુલ્લ પટેલ સાથે NCP ફરીથી એક થાય તેવું ઈચ્છતા ન હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં શિવસેના ઉદ્ધવ જૂથે દાવો કર્યો છે કે, અજિત પવારના નિધનના ચાર દિવસ પછી જ સુનેત્રા પવારને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા બાદ ભાજપ મુખ્ય સૂત્રધાર હતો. શિવસેના (ઉદ્ધવ જૂથ)ના મુખપત્ર સામનામાં દાવો કર્યો હતો કે આ નિર્ણય પાછળ ભાજપ જ માસ્ટરમાઈન્ડ હતો. ભાજપ નેતૃત્વ, NCP નેતાઓ સુનીલ તટકરે અને પ્રફુલ્લ પટેલ સાથે NCP ફરીથી એક થાય તેવું ઈચ્છતા ન હતા.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી રહેલા NCP (અજિત પવાર જૂથ) નેતા અજિત પવારનું ૨૮મી જાન્યુઆરીએ વિમાન દુર્ઘટનામાં નિધન થયું હતું. ત્યારબાદ, સુનેત્રા પવારે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. NCP(શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે જણાવ્યું હતું કે હું જાણતો ન હતા કે સુનેત્રા નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેવાના છે. સામનામાં દાવો કરાયો હતો કે શરદ પવાર અને સુપ્રિયા સુલે સહિત પરિવારના કોઈ સભ્યને તેમના શપથ ગ્રહણ વિશે ખબર નહોતી. તેઓ કોઈને જાણ કર્યા વિના શાંતિથી બારામતીથી મુંબઈ જવા રવાના થઈ ગયા. અહેવાલો અનુસાર, અજિત પવારના કાર્યકાળ દરમિયાન, એવી અફવાઓ હતી કે બે અલગ થયેલા પક્ષો ફરી એક થશે. જોકે, અજિત પવારના મૃત્યુ પછી, પવાર પરિવારમાં ફરી એકવાર મૂંઝવણ પ્રવર્તી છે. એવું કહેવામાં આવ્યું હતું કે બંને પક્ષોના વિલીનીકરણ માટે ૧૨મી ફેબ્રુઆરીની તારીખ નક્કી કરવામાં આવી હતી. જોકે, હવે કોઈ આ તારીખ વિશે કોઈ દાવો કરવા તૈયાર નથી.

સામનામાં દાવો કરાયો છે કે, અજિત પવારના મૃત્યુ પછી, દ્રઝઁની અંદર કેટલાક લોકોની મહત્ત્વાકાંક્ષાઓ વધુ વધી ગઈ છે. તેમના પક્ષમાં નાયબ મુખ્યમંત્રી બનવાની દોડ શરુ થઈ ગઈ છે. દરમિયાન, પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે વચ્ચે વસ્તુઓ સારી રીતે ચાલી રહી નથી. તેથી, પટેલ અને પવાર પરિવારોની એકતા દર્શાવવા માટે સુનેત્રા પવારને ઉતાવળે મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## બલુચિસ્તાનની ૨ મહિલાઓએ પાકિસ્તાન હચમચાવી દીધું!

(સંપૂર્ણ સમાચાર સેવા)બલુચિસ્તાન

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA)એ અનેક શહેરો અને નગરોમાં એક સાથે મોટા આત્મઘાતી હુમલાઓ કર્યા હતા. આ હુમલાઓમાં લગભગ ૧૦૦ પાકિસ્તાની સુરક્ષા કર્મચારીઓના મોત થયા હતા. તમને જણાવી દઈએ કે, પાકિસ્તનમાં આ મોટો હુમલો કરીને તબાહી મચાવવા પાછળ બે મહિલાઓ છે. હુમલા બાદ BLAએ બે હુમલાખોરોની તસવીરો જારી કરી, જે બંને મહિલાઓ છે. બીજી તરફ બળવાખોરોએ આ મહિલાઓને 'વીરાંગના' ગણાવી છે.

આમાંથી એક મહિલાની ઓળખ ૨૪ વર્ષીય આસિફા મેંગલ તરીકે થઈ છે. તે બલુચિસ્તાનના નુશ્કી વિસ્તારની રહેવાસી અને મોહમ્મદ ઈસ્માઈલની દીકરી છે. તેનો જન્મ ૨ ઓક્ટોબર, ૨૦૦૨ના રોજ થયો હતો. સંગઠનનો દાવો છે કે, તે તેના ૨૧મા જન્મદિવસ પર BLAના માજીદ બ્રિગેડમાં જોડાઈ હતી અને જાન્યુઆરી ૨૦૨૪માં આત્મઘાતી હુમલાખોર બનવાનો નિર્ણય લીધો હતો. BLAનું કહેવું છે કે, નુશ્કીમાં ISI મુખ્યાલય પર હુમલો તણે જ કર્યો હતો. બીજી મહિલા હુમલાખોરનું નામ હજુ સુધી સામે નથી આવ્યું.સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ વાઈરલ થયો છે, જેમાં તે પોતાના સાથીઓ સાથે દેખાય રહી છે. વીડિયોમાં તે પાકિસ્તાની સરકારની ટીકા કરતી દેખાઈ રહી છે. એક અહેવાલ પ્રમાણે આ હુમલાઓ બાદ પાકિસ્તાની સુરક્ષા દળોએ એક મોટું ઓપરેશન ચલાવ્યું. બલુચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતીના જણાવ્યા પ્રમાણે સુરક્ષા દળોએ લગભગ ૪૦ કલાક સુધી કાર્યવાહી કરી અને ૧૪૦થી વધુ આતંકવાદીઓનો ખાતમો કર્યો છે. પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પણ જણાવ્યું હતું કે, હુમલાઓમાં મહિલા હુમલાખોરો સામેલ હતી. પાકિસ્તાની સરકારના જણાવ્યા પ્રમાણે હુમલાખોરો સામાન્ય લોકોના વેશમાંશાળાઓ, બજારો, બેંકો અને હોસ્પિટલોમાં ઘૂસ્યા અને ગોળીબાર કર્યો હતો. આ હુમલાઓ શુક્રવારે રાત્રે શરૂ થયા અને શનિવાર સુધી ચાલુ રહ્યા. નુશ્કી, ગ્વાદર, ચમન, હબ, નસીરાબાદ અને મકરાન જેવા વિસ્તારોમાં હુમલા થયા હોવાની માહિતી છે.




# તંત્રી લેખ......

## નાણાકીય શિસ્તને સમર્પિત બજેટ, અર્થતંત્રને વેગ આપશે

વૈશ્વિક અનિશ્ચિતતાના વાતાવરણમાં, કેન્દ્ર સરકારે ભારતની વિકાસ ગાથાને સાતત્ય અને અર્થતંત્રને સ્થિરતા પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બજેટનો સાર એ છે કે સરકારે મોટી જાહેરાતો નહીં કરવાનો નિર્ણય લીધો છે પરંતુ લાંબા ગાળે નોંધપાત્ર પરિણામો આપી શકે તેવી ઘણી નાની પહેલોને આગળ ધપાવવાનો નિર્ણય લીધો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ દ્વારા સંકેત આપ્યો હતો કે છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારે કરેલી મોટી જાહેરાતોની અસર વધુ વિસ્તૃત થવી જોઈએ.

એટલે કે, પહેલાથી જ આયોજિત ક્ષમતા નિર્માણ અપેક્ષિત ગતિએ સાકાર થવું જોઈએ. ગયા વર્ષે આવકવેરામાં છૂટછાટો અને ત્યારબાદ જીએસટી દરમાં ઘટાડાને કારણે આવક થોડી સંકુચિત થઈ હતી તે જોતાં, આ વખતે રાહતની ઊંચી અપેક્ષાઓ પાયાવિહોણી હતી. આમ છતાં, સરકાર રાજકોષીય શિસ્તના માર્ગથી ભટકાઈ ન જવા બદલ પ્રશંસાને પાત્ર છે. ચાલુ નાણાકીય વર્ષ માટે રાજકોષીય ખાધનો લક્ષ્યાંક ૪.૪ ટકા હતો, જે સુધારેલા અંદાજમાં ૪.૩ ટકા હતો. રાજકોષીય શિસ્ત પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરતા, નાણામંત્રીએ આગામી નાણાકીય વર્ષ માટે ૪.૩ ટકાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

કેટલાક મહેસૂલ દબાણ હોવા છતાં, ખર્ચની ગુણવત્તાએ રાજકોષીય ખાધને નિયંત્રિત કરવામાં સરકારની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. મૂડી ખર્ચ સાથે સમાધાન કર્યા વિના રાજકોષીય ખર્ચ ઘટાડીને સરકારે આ સંતુલન પ્રાપ્ત કર્યું. કેન્દ્ર સરકારનો આ અભિગમ વધુ જરૂરી બની જાય છે કારણ કે ઘણી રાજ્ય સરકારો કલ્યાણકારી યોજનાઓના નામે ખૂબ ખર્ચ કરી રહી છે. નાણાકીય શિસ્ત સુનિશ્ચિત કરવી ફક્ત કેન્દ્ર સરકાર પર નિર્ભર ન રહી શકે; રાજ્યોએ પણ સંરેખિત થવું જોઈએ. જો કે, આ માટે રાજ્યોને તૈયાર કરવામાં કેન્દ્ર સરકારના હાથ થોડા મર્યાદિત છે. જ્યારે કેન્દ્ર સરકાર પોતે ખર્ચની ગુણવત્તા સ્થાપિત કરશે ત્યારે જ રાજ્યો આ માર્ગ પર આગળ વધવાનું વિચારશે. વધુમાં, કેન્દ્ર સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટ માટે વ્યવહારિક અભિગમ અપનાવી રહી હોય તેવું લાગે છે, જે ઈચ્છિત આવક ઉત્પન્ન કરવાની તેની ક્ષમતાનો ઉપયોગ કરે છે.

રોજગાર સર્જન માટે, બજેટ સેવા ક્ષેત્ર અને ઉત્પાદન પ્રવૃત્તિઓ બંનેને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખે છે. નાણામંત્રીએ સેમિકન્ડકટર, બાયોફાર્માસ્યુટિકલ્સ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા ઉભરતા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જ્યારે કાપડ અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો જેવા પરંપરાગત ક્ષેત્રોને તાત્કાલિક જરૂરિયાતો માટે ચાવીરૂપ ગણાવ્યા છે. સરકાર કર સુધારા, આયાત શુલ્કને તર્કસંગત બનાવવા અને આયાત પ્રક્રિયાઓને સરળ બનાવવા દ્વારા આ ક્ષેત્રોની સંભાવનાને સાકાર કરવાનો હેતુ ધરાવે છે. એવી અપેક્ષા છે કે દેશના કુલ મૂડી ખર્ચનો એક ચતુર્થાંશ ભાગ આ ઉભરતા ક્ષેત્રો પર કેન્દ્રિત થઈ શકે છે, જે ૨૦૨૧ થી ૨૦૨૫ વચ્ચે કુલ ખર્ચના ૧૨ ટકા જેટલો હિસ્સો ધરાવે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૪૬૮૩ વધ્યો, ચાંદીનો વાયદો રૂ.૬૧૪૮ ઘટ્યો


### ક્રૂડ તેલના વાયદામાં સેંકડા ઘટ્યાઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૭૩૬૦. કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૦૩૫૦.૩૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૯૩૧૦૭.૭૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૬૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૫૭૭૧૮.૩૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૭૩૬૦. કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૫૦૩૫૦.૩૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૬૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૭૦૬૮.૧૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૯૩૧૦૭.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૬૯૦૦ અને નીચામાં રૂ.૧૩૩૬૮૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૨૨૧૭ના આગલા બંધ સામે રૂ.૪૬૮૩ વધી રૂ.૧૪૬૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૨૨૪ વધી રૂ.૧૨૨૮૦૧ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૦૧ વધી રૂ.૧૫૪૧૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૯૦ વધી રૂ.૧૪૬૧૦૦ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૭૬૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૯૦૦ અને નીચામાં રૂ.૧૩૪૩૯૭ના મથાળે અથડાઈ, રૂ.૧૪૭૬૮૮ના આગલા બંધ સામે રૂ.૨૧૧૩ વધી રૂ.૧૪૯૮૦૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૫૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૭૫૦૧ અને નીચામાં રૂ.૨૨૫૮૦૫ના મથાળે અથડાઈ, રૂ.૨૬૫૬૫૨ના આગલા બંધ સામે રૂ.૬૧૪૮ ઘટી રૂ.૨૫૯૫૦૪ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪૮૪૪ ઘટી રૂ.૨૬૯૨૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨૩૨૮ ઘટી રૂ.૨૬૮૯૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૦૨૦૯.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪.૭૫ વધી રૂ.૧૨૪૪.૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૭.૬ વધી રૂ.૩૨૭.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૬.૬ વધી રૂ.૩૧૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૫૦ પૈસા વધી રૂ.૧૯૧.૪૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૫૩૭.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૫૧૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૫૪૦ અને નીચામાં




રૂ.૩૨૩૬ના મથાળે અથડાઈ, રૂ.૨૮૬ ઘટી રૂ.૩૨૬૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૯૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૯૬૧ અને નીચામાં રૂ.૫૬૨૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૯૮૦ના આગલા બંધ સામે રૂ.૩૨૧ ઘટી રૂ.૫૬૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૩૨૨ ઘટી રૂ.૫૬૫૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૭૨.૫ ઘટી રૂ.૩૩૨.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૨.૪ ઘટી રૂ.૩૩૨.૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૦ના ભાવે ખૂલી, રૂ.૩.૮ વધી રૂ.૯૮૨ થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૧ વધી રૂ.૨૫૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૮૮૪૪.૮૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૪૨૬૨.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૮૭૯૩.૫૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૦૮.૭૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૬૫.૮૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૨૯.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૪.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૦૧.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૨૧.૧૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૧૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૨૭૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૮૬૦૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૩૭૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૫૩૨૫૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૦૫૪૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૮૫૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૯૨૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૬૫૨૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૫૫૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૫૩૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫૬૫૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૬૧૪૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૬૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૯૯૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૫૪ પોઈન્ટ ઘટી ૩૭૬૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦૩ ઘટી રૂ.૨૨૫.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩૭.૦૫ ઘટી રૂ.૧૭.૬ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૫૫.૫ વધી રૂ.૧૨૩૫૫ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૮૮૦.૫ વધી રૂ.૨૪૫૬૨.૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨ વધી રૂ.૫૬ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૫૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૯ પૈસા વધી રૂ.૧.૮૧ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૪.૪ વધી રૂ.૨૫૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૭ વધી રૂ.૧૭.૧૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૮.૫ વધી રૂ.૭૬૫૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૮૪ ઘટી રૂ.૧૦૩૯૯.૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૪૯ ઘટી રૂ.૫૨.૬૩ થયો હતો. જસત માર્ચ રૂ.૨૯૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૬૭ ઘટી રૂ.૩.૧૮ના ભાવે બોલાયો હતો.

# ઈન્ક્યુબેટર્સથી સેમિકન્ડકટર અને સેટેલાઈટ મેન્યુફેક્ચરિંગ સુધી ગુજરાતના યુવાનો માત્ર આઈડિયા નહીં, પરંતુ આખી ઈકોસિસ્ટમના બન્યા સર્જકઃ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

### ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત ગિફ્ટ સિટી ખાતે 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ' ફોર ઈનોવેશનઃ પેટન્ટ એનાલિટિક્સ અને ફ્રીડમ ટુ ઓપરેટ–FTO' વિષય પર એક દિવસીય વર્કશોપનું કરાયું આયોજન

ઈન્ક્યુબેટર્સથી લઈને સેમિકન્ડકટર અને સેટેલાઈટ મેન્યુફેક્ચરિંગ સુધી ગુજરાતના યુવાનો માત્ર આઈડિયા નહીં, પરંતુ આખી ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છે. અગાઉ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ માત્ર લેબમાં થતા હતા, જ્યારે અત્યારે રાજ્ય સરકારના પ્રયાસો અને યુવાઓની મહેનતથી ગુજરાત સ્ટાર્ટઅપ ક્ષેત્રે દેશમાં પ્રથમ ક્રમે છે. જ્યારે સ્ટાર્ટઅપ્સનું નામ પણ અજાણ્યું હતું, ત્યાંથી લઈને આજે આપણે સ્ટાર્ટઅપ ક્ષેત્રે નંબર વન સ્ટેટ બન્યા છીએ. આમ, ભારતીય યુવાનોની ક્ષમતા અને મહેનતની નોંધ સમગ્ર વિશ્વ લઈ રહ્યું છે. ગુજરાત આજે સ્ટાર્ટઅપ અને છદ્મ ટેકનોલોજીમાં પ્રગતિશીલ રાજ્ય છે? તેમ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ આજે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે જણાવ્યું હતું.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને આજે ગિફ્ટ સિટી ક્લબ, ગાંધીનગર ખાતે 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ ફોર ઈનોવેશનઃ પેટન્ટ એનાલિટિક્સ અને ફ્રીડમ ટુ ઓપરેટ-FTO' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે વિવિધ ઈનોવેટર્સને આત્મનિર્ભર ગુજરાત ફેલોશિપ અંતર્ગત કુલ રૂ. ૬૨.૮૪ લાખ, IP કોમર્શિયલાઈઝેશન અંતર્ગત કુલ રૂ. ૩ લાખ અને નિધિ પ્રયાસ ગ્રાન્ટ હેઠળ રૂ. ૨૧.૫૦ લાખ એમ કુલ રૂ. ૮૭.૩૪ લાખની રકમના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

ઈનક્યૂબેટર્સ અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે કાર્યરત યુવા માટે આજનો વર્કશોપ મિની કુંભ સમાન છે તેમ જણાવી મંત્રી શ્રી મોઢવાડિયા એ કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાતમાં સૌપ્રથમ વર્ષ ૨૦૦૩માં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની રચના થઈ હતી. આ પ્રયાસોને પરિણામે ગુજરાતમાં સાવલી ટેકનોલોજી અને બિઝનેસ ઈનક્યૂબેટર જેવું સેન્ટર કાર્યરત થયું છે. ગુજરાતના યુવાનો સેમિકન્ડકટર ક્ષેત્રે પણ નવા નવા ઈનોવેશન કરી રહ્યા છે. એક સમય હતો કે કોઈએ સ્ટાર્ટઅપ્સ વિશે સાંભળ્યું જ ન હતું. ઈન્ક્યુબેટર શું છે? તે વિશે વાત પણ થતી ન હતી. જ્યારે




આજે સેટેલાઈટ બનાવવા માટે વપરાતા સેમિકન્ડકટરની ડિઝાઈન, ફેબ્રિકેશન, ટેસ્ટિંગ અને પેકેજિંગ એમ બધુ અમદાવાદ ખાતે કાર્યરત ઈસરોમાં ઈન-હાઉસ બને છે. આમ, સેટેલાઈટમાં વપરાતા સેમિકન્ડકટરની આખી ઈકોસિસ્ટમ પણ અહી ઉપલબ્ધ છે. સાણંદના ખોરજ ખાતે આવેલી GIDCમાં દેશની સૌ પ્રથમ સેટેલાઈટ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી બનાવવામાં આવી છે. અહી ભારતીય ડિઝાઈન મુજબ સેટેલાઈટનું ઉત્પાદન કરવામાં આવશે. જેમાં પ્રથમ ત્રણ વર્ષ સુધી ૬ સેટેલાઈટ અને ત્યારબાદ ત્રણ વર્ષમાં ૧૨ સેટેલાઈટ બનાવવાનું લક્ષ્ય છે. આમ, રાજ્યમાં યુવાઓનો વિવિધ સ્વરૂપે અદભૂત બૌદ્ધિક ક્ષમતાનો વિકાસ થઈ રહ્યો છે, જે સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને વધુ વેગ આપે છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, નિષ્ફળતા પાછળ જ સફળતા રહેલી છે, એટલે પ્રયત્ન છોડવો જોઈએ નહીં. મને વિશ્વાસ છે કે તમે બધા માર્ગમાં આવતા અવરોધને દૂર કરીને આગળ વધશો. અમેરિકામાં આવેલા સિલિકોન વેલી શહેરમાં ભારતીય યુવાઓ છેં, ચેટ ર્ જેવા અનેક તકનીકી ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે. ગુજરાતમાં ધોલેરા સહિત ચાર સેમિકન્ડકટર પ્લાન્ટ કાર્યરત થવા જઈ રહ્યા છે, જેથી આ ક્ષેત્રે કામ કરતું દેશનું યુવાધન પરત ફરશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, દેશના લાંબા દરિયા કિનારા અને વિશાળ સમુદ્રમાં રિચ મિનરલ્સ, ટાઈડલ એનર્જી, ઓફશોર વિન્ડ તેમજ પોરબંદર જેવા વિસ્તારોમાં કિલોમીટર સુધી મડ માઈનિંગની ઓળખ થઈ છે. આ બ્લુ ઈકોનોમી જેવા નવા ક્ષેત્ર દ્વારા વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ગુજરાત, થકી વિકસિત ભારત'નું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર થશે. AI, બાયો ટેકનોલોજી, ક્વોન્ટમ, વિવિધ ઈનોવેશન અંતર્ગત પેટન્ટ, ડેટા સેન્ટર વિકસાવવી જેવી તકો ઝડપીને ગુજરાતની સાથે દેશને આ ક્ષેત્રે આગળ લઈ જવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર યુવાઓને જરૂરી તમામ મદદ કરવા તૈયાર છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક સચિવ શ્રી પી. ભારતીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરેલા બજેટમાં પણ યુવાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આર્થિક ક્ષેત્રે ગુજરાતને ટોપ પાંચમાંથી વર્ષ ૨૦૩૦ સુધીમાં પ્રથમ ત્રણમાં સ્થાન અપાવવા યુવાઓની ભૂમિકા ખૂબ અગત્યની રહેશે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત પ્રથમ નંબરે છે. રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં સ્ટાર્ટઅપ પર વધુ ભાર મૂકવામાં આવશે. આ એક દિવસીય વર્કશોપમાં 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ ફોર ઈનોવેશન' અંતર્ગત યુવાઓને ઈનોવેટીવ આઈડિયા અને માર્ગદર્શન મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

BIRACના એમડી ડો. જિતેન્દ્ર કુમારે વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજે બાયોટેક્નોલોજી ક્ષેત્રમાં IP, EIR પ્રોગ્રામ, ઈન્ક્યુબેશન સેન્ટર્સ, બાયો પોલિસી હેઠળ બાયોફાઉન્ડ્રીઝ/હબ્સ અને RDIF થકી ૧૦ હજાર કરતા વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. જેના સ્કેલ-અપ માટે વ્યાપારીકરણ અને કેપિટલ ખૂબ જ જરૂરી છે. વૈજ્ઞાનિકો અને ઈન્ડસ્ટ્રી લીડરોના પ્રયાસોથી IP શેલ્ફથી માર્કેટ સુધી પહોંચશે અને વિકસિત ભારત@૨૦૪૭ને સાકાર કરવા ગુજરાત તેમાં મુખ્ય યોગદાન આપશે.

બાયો-ઈન્ડસ્ટ્રી વેટરન અને પોલિસી એનાલિસ્ટ શ્રી સુનીલ પારેખે કહ્યું હતું કે, બાયોટેક્નોલોજી ક્ષેત્રે ભારત અને ગુજરાતની પ્રગતિ નોંધનીય છે. વર્ષ ૨૦૦૩ની પ્રથમ પોલિસીથી GSBTMની રચના, રૂ. ૫૦ લાખથી શરૂ કરીને રૂ. ૩૫ કરોડ સુધીની સફર અને બાયો ઈકોનોમી, જે GDPમાં ૪.૨૫ ટકા યોગદાન આપે છે. જેમાં ગુજરાત ૭.૮ ટકા જેટલું યોગદાન આપીને ટોપ પાંચ રાજ્યોમાં સામેલ છે. આજે ઔદ્યોગિક પડકારો વચ્ચે IP અત્યંત મહત્વનું છે, જે ઈનોવેશનને સિક્યોર કરે છે, રોકાણને આકર્ષે છે અને સંશોધનને વ્યાપારીય ઉત્પાદનોમાં રૂપાંતરિત કરે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે આઈપી એન્ડ ટેક્નોલોજી ટ્રાન્સફર, BIRACના ડીજીએમ ડૉ. વિનિતા જિંદલે કહ્યું હતું કે, ઈનોવેશન માટે IP વ્યૂહરચનાના કેન્દ્રબિંદુ સમાન છે. આજના જ્ઞાન આધારિત અર્થતંત્રમાં ખાસ કરીને બાયોટેકનોલોજી અને લાઈફ સાયન્સમાં સફળ ઈનોવેશન વધુ સંશોધનથી પ્રાપ્ત થાય છે. જેમાં આઈપી વ્યૂહરચના, માર્કેટ ઍક્સેસ અને જોખમ મૂલ્યાંકનનું કાળજીપૂર્વક આયોજન ખૂબ જરૂરી છે. આજે આયોજિત આ વર્કશોપ આઈપી અંતર્ગત આધારભૂત સમજ અને હેન્ડ્સ-ઓન વ્યવહારિકતા આપશે.આ કાર્યક્રમમાં STBIના ડિરેક્ટર ડૉ. આનંદ ભડાલકરે શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારતની સ્પષ્ટ વિભાવના આપી છે, તે ટેક્નોલોજીકલ સ્વાવલંબન વિના શક્ય નથી. આઈપી સ્ટ્રેટેજી, ભારતીય ટેક્નોલોજીની ગુણવત્તા અને માર્કેટ એક્સેસ થકી ભારતની વિવિધ ટેક્નોલોજી વિશ્વભરમાં પોતાનું આગવું વર્ચસ્વ ઊભું કરશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ-DST હેઠળ કાર્યરત સાવલી ટેક્નોલોજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર-STBI અને બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ-BIRACના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ વર્કશોપ થકી નિષ્ણાતો દ્વારા સ્ટાર્ટઅપ્સ, વૈજ્ઞાનિકો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિકોને વિવિધ ઈનોવેશન અને કોમર્શિયલાઈઝેશનને વેગ આપવા, 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ', 'પેટન્ટ એનાલિટિક્સ' અને 'ફ્રીડમ ટુ ઓપરેટ' જેવી બાબતો વિશે વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં DST, SVBIT અને BIRACના અધિકારી–કર્મચારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ઈનોવેટર્સ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-જનક દેસાઈ/જીગર બારોટ

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૦૨/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૨૧ | ૧,૨૫૦.૦૦ | ૧,૯૬૧.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૪૦.૦૦ | ૧,૨૫૦.૦૦ |
| ૩ | રાયડો | ૨૦ | ૧,૨૩૦.૦૦ | ૧,૨૫૪.૦૦ |
| ૪ | ઘઉં | ૧૩૭ | ૪૯૩.૦૦ | ૫૩૮.૦૦ |
| ૫ | મકાઇ | ૨૫ | ૩૧૫.૦૦ | ૩૨૩.૦૦ |
| ૬ | ચણા | ૩ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૭૬.૦૦ |
| ૭ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૮ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૯ | કપાસ | ૧૪૯ | ૧,૪૭૫.૦૦ | ૧,૬૧૨.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૪ | ૧,૦૪૦.૦૦ | ૧,૦૬૧.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## મહિલાને વાતોમાં પરોવી બે ગઠિયા સોનાની બુટ્ટીઓ લઈ ફરાર થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના ઉંડેરા વિસ્તારમાં પાનનો ગલ્લો ધરાવતી એક મહિલાને વાતોમાં ફસાવી બે ગઠીયા સોનાની બુટ્ટીઓ કાઢીને ફરાર થઈ ગયા હતા. ઉંડેરાની નવી વસાહતમાં રહેતા અને મહાકાળી માતાના મંદિર પાસે પાનનો ગલ્લો ચલાવતા જશોદાબેન સોલંકીએ પોલીસને કહ્યું છે કે, ગઈકાલ ૨૯ મેં બપોરે એક શખ્સ સિગારેટ લેવા આવ્યો હતો અને ગલ્લા પાસે બેઠો હતો. ત્યારબાદ બીજો એક શખ્સ આવ્યો હતો અને તેણે નાસ્તાનું પેકેટ લીધું હતું.થોડીવાર બાદ પહેલા આવેલો શખ્સ ફરીથી આવ્યો હતો અને વાતોમાં ફસાવી રૂમાલમાં મારી અઢી ગ્રામની બે બુટ્ટી મુકાવી હતી. ત્યારબાદ બીજો શખ્સ પણ આવ્યો હતો અને વાતોમાં ભોળવી હતી.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### રિગ્રાન્ટ કરી હોય કે કરવાને પાત્ર હોય પણ રિગ્રાન્ટ ન થઈ હોય તેવી જમીન સરળતાથી નિયમબદ્ધ કરી શકાશે

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો મહેસૂલી ક્ષેત્રે મહત્વપૂર્ણ નિર્ણયઃ રાજ્યમાં વિવિધ ઈનામી જમીનોના અનઅધિકૃત કબજાહક્ક નિયમબદ્ધ કરાશેઃ ખેડૂતોને થશે મોટો લાભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસૂલી ક્ષેત્રે રાજ્યમાં વિવિધ ઈનામી જમીનોના અનઅધિકૃત કબજાહક્ક નિયમબદ્ધ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અનુસાર, રિગ્રાન્ટ કરી હોય કે કરવાને પાત્ર હોય પણ રિગ્રાન્ટ ન થઈ હોય તેવી જમીન સરળતાથી નિયમબદ્ધ કરી શકાશે. આ માટે જમીનની પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા કબજાહક્કની રકમ ભરી નિયમબદ્ધ કરી શકાશે.

જે જમીનો રિગ્રાન્ટ કરેલી હોય પરંતુ કબજાકિંમત ભરપાઈ ન કરી હોય તેવી જમીનના કબજેદારો, રિગ્રાન્ટ કરવાને પાત્ર હોય પરંતુ કોઈ કારણસર રિગ્રાન્ટ થઈ ન હોય તેમજ વારસદારો જો આવી જમીનના ધારણકર્તા હોય તેમને આ નિર્ણયનો લાભ મળશે.

એટલું જ નહિ, આવી જમીનોની તબદીલીઓ થઈ ગઈ હોય અને હાલ જમીનો અન્ય કોઈના કબજામાં હોય તેવા કબજેદારોને પણ આ નિર્ણયનો લાભ મળવાથી રાજ્યના ખેડૂતોને મોટો ફાયદો થશે.



૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે નવી દિલ્હી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં રજૂ કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લોએ વર્ષ ૨૦૨૬માં સતત ચોથા વર્ષે ''પોપ્યુલર ચોઈસ કેટેગરી''મા પ્રથમ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર શ્રી કિશોર બચાણી દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આ વિજેતા ટ્રોફી અને પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રી કાર્યાલયના અગ્ર સચિવશ્રી સંજીવકુમાર તથા માહિતી કમિશનર કચેરીના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નોંધાવ્યો

### ઐતિહાસિક બજેટ ફાળવણી, આધુનિક સ્ટેશનો અને વિશ્વસ્તરીય ટ્રેન સેવાઓથી રેલવેના પરિદ્રશ્યમાં રૂપાંતર

ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ અંદાજપત્ર સહાય અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જેનાથી રાજ્યમાં સુરક્ષિત, આધુનિક અને યાત્રી-કેન્દ્રીત રેલવે પરિવહનના નવા યુગની શરૂઆત થઈ રહી છે.

ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટની ફાળવણી વર્ષ ૨૦૦૯-૧૪ દરમિયાન રૂા.૫૮૯ કરોડ હતી, જે વધીને ૨૦૨૬-૨૭ના સમયગાળામાં રૂા.૧૭,૩૬૬ કરોડ થઈ છે. આ લગભગ ૨૯ ગણો વધારો છે, જે રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે સરકારની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

માળખાગત સુવિધાઓને વધુ પ્રાધાન્ય

ગુજરાતમાં હાલમાં રૂા.૧,૨૮,૭૪૮ કરોડની કિંમતના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. આ કાર્યોમાં ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ અને સુરક્ષામાં મોટા સુધારાઓનો સમાવેશ થાય છે, જે સમગ્ર નેટવર્કમાં લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે.

અમૃત સ્ટેશન યોજનાઃ સ્ટેશનોનું રૂપાંતરણ

અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના ૮૭ રેલવે સ્ટેશનોને રૂા.૬,૦૫૮ કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનઃવિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા અને પોરબંદર સહિત ૧૯ સ્ટેશનો પર પુનઃવિકાસનું કામ પહેલેથી જ પૂર્ણ થઈ ગયું છે, જેનાથી યાત્રીઓની સુવિધાઓ અને સ્ટેશનની સુંદરતામાં નોંધપાત્ર સુધારો થયો છે

પ્રીમિયમ ટ્રેનો સાથે ઉન્નત કનેક્ટિવિટી

ગુજરાતમાં આધુનિક ટ્રેન સેવાઓની શરૂઆત સાથે યાત્રીઓની સુવિધા અને યાત્રા ક્ષમતામાં બહોળો વધારો થયો છે. હાલમાં, રાજ્યમાં નીચે મુજબની સેવાઓ ઉપલબ્ધ છેઃ

- ૫ જોડી વંદે ભારત એક્સપ્રેસ
- ૧ જોડી અમૃત ભારત એક્સપ્રેસ
- ૧ જોડી નમો ભારત એક્સપ્રેસ

આ સેવાઓ યાત્રીઓને ઝડપી, સુરક્ષિત અને વધુ આરામદાયક યાત્રાનાના વિકલ્પો ઉપલબ્ધ કરાવે છે.

નેટવર્ક વિસ્તરણ અને ૧૦૦% વિદ્યુતીકરણ

વર્ષ ૨૦૧૪ થી, ગુજરાતના રેલવે નેટવર્કનો આશરે ૨,૯૦૦ કિમીના નવા રેલવે ટ્રેકના નિર્માણ સાથે ઝડપથી વિસ્તાર થયો છે, જે ઘણા યુરોપિયન દેશોના કુલ રેલવે નેટવર્ક કરતા પણ વધુ છે. રાજ્યએ ૧૦૦% વિદ્યુતીકરણ પણ હાંસલ કર્યું છે, જેમાં ૪,૦૦૫ કિમી રેલ લાઈનનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે, જે પર્યાવરણને અનુકૂળ અને ઉર્જા-કાર્યક્ષમ કામગીરીમાં મદદરૂપ થાય છે.

ઉપરાંતમાં, લેવલ ક્રોસિંગ દૂર કરવા અને માર્ગ-રેલવે અવરજવરને સરળ બનાવવા માટે રાજ્યભરમાં ૧,૧૭૭ ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવામાં આવ્યા છે.

'કવચ' દ્વારા રેલવે સુરક્ષાનું મજબૂતીકરણ

પોતાની 'સુરક્ષા-પ્રથમ' નીતિના ભાગરૂપે, ભારતીય રેલવેએ ગુજરાતમાં સ્વદેશી 'કવચ' ઓટોમેટિક ટ્રેન પ્રોટેકશન સિસ્ટમ લાગુ કરી છે.

કુલ મંજૂર ૧,૮૪૨ રૂટ કિલોમીટર લંબાઈમાંથી, ૯૬ રૂટ કિલોમીટર પર કવચ તૈનાત કરવામાં આવ્યું છે, જ્યારે ૧,૬૭૪ રૂટ કિલોમીટર માટે કામ અથવા ટેન્ડર પ્રક્રિયા દ્વારા રેલવે સુરક્ષા ધોરણોમાં નોંધપાત્ર હરણફાળ ભરી છે.

વિક્રમજનક રોકાણ, આધુનિક સ્ટેશનો, પ્રીમિયમ ટ્રેનો, સંપૂર્ણ વિદ્યુતીકરણ અને અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ સાથે, ભારતીય રેલવે ગુજરાતના માળખાગત અને સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

## પોરબંદર ખાતે રાજ્યકક્ષાનો બે દિવસીય '૮મો આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર' સંપન્ન

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન દ્વારા સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે 'વિશ્વ વેટલેન્ડ દિવસ'ના પૂર્વે દિને 'વેટલેન્ડ્સ એન્ડ ટ્રેડિશનલ નોલેજઃ સેલિબ્રેટિંગ કલ્ચરલ હેરીટેજ' વિષય પર બે દિવસીય '૮માં આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર-વર્કશોપ' યોજાયો હતો. જેનું ઉદ્ઘાટન વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં પોરબંદર જિલ્લામાં આવેલા ૨૨૫થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ વિસ્તારો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી પણ પૃથ્વીની સુરક્ષા માટે અનિવાર્ય છે, તેથી રાજ્યની શાળાઓમાં 'વેટલેન્ડ ક્લબ' બનાવી નવી પેઢીને પ્રકૃતિ સાથે જોડવા પર મંત્રી શ્રી મોઢવાડિયાએ ભાર મૂક્યો હતો.

સેમિનારના બીજા દિવસે યોજાયેલ વર્કશોપમાં સવારે મોકરસાગર વેટલેન્ડ ખાતે ભાગ લેનાર પ્રતિનિધિઓ દ્વારા બર્ડ વૉચિંગ તેમજ મોકર, ગોસા સહિત આસપાસના ગામોના સ્થાનિક સમુદાય સાથે પરસ્પર સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક ગ્રામજનોએ સક્રિય ભાગીદારી નોંધાવી વેટલેન્ડના સંરક્ષણ માટે અપનાવવામાં આવતી તેમની પરંપરાગત જાણકારી તથા પ્રચલિત પદ્ધતિઓ અંગે અનુભવો રજૂ કર્યા. આ સંવાદ કાર્યક્રમ દ્વારા વેટલેન્ડના સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં સ્થાનિક સમુદાયની ભૂમિકા તથા પરંપરાગત જ્ઞાનને વૈજ્ઞાનિક અભિગમ સાથે સંકલિત કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો.

## રેસિંગ ટ્રેક સમજી લક્ઝરી કાર દોડાવીઃ સુરતમાં પૂરપાટ ઝડપે લક્ઝરી કાર હંકારી અનેક વાહનોના ફુરચા બોલાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના મગદલ્લા-ડુમસ વિસ્તારમાં રવિવારે (પહેલી ફેબ્રુઆરી) મોડી રાત્રે અકસ્માતની ચોંકાવનારી ઘાટના સામે આવી હતી. એરપોર્ટ રોડ પર અવધ ઉથોપિયા નજીક વિરલ દેસાઈ નામના યુવકે લક્ઝરી કાર પરથી કાબૂ ગુમાવતા પાર્ક કરેલા ૩ કાર અને ૨ મોપેડને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો છે, જ્યારે ૩ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાનુસાર, કારની ઝડપ એટલી પ્રચંડ હતી કે જાણે કારચાલક રોડને રેસિંગ ટ્રેક સમજી રહ્યો હોય. બેકાબૂ બનેલી કારે રસ્તાની બાજુમાં ઉભેલા વાહનોને એવી ટક્કર મારી કે તમામ વાહનોને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે. આ અકસ્માત મોડી રાત્રે થયો હોવાથી અને મોટાભાગના વાહનો પાર્ક કરેલા હોવાથી કોઈ મોટી જાનહાનિ ટળી હતી. ત્રણ રાહદારીઓ/વાહનચાલકોને નાની-મોટી ઈજાઓ પહોંચતા સારવાર આપવામાં આવી છે.અકસ્માત સર્જનાર યુવક વિરલ દેસાઈ પણ આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયો છે, જેને હાલ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જોકે, અકસ્માત બાદ તરત જ સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે એવી ચર્ચા શરૂ થઈ છે કે નબીરાને બચાવવા માટે પ્રયાસો થઈ રહ્યા છે. કારચાલકને ચાલુ ગાડીએ 'ખેંચ' આવી હોવાની વાતો વહેતી કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ ડુમસ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત લક્ઝરી કાર સહિત તમામ વાહનો કબજે લીધા છે. ચાલક નશાની હાલતમાં હતો કે ખરેખર બીમાર હતો તે જાણવા માટે મેડિકલ તપાસની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠનનુ માળખુ જાહેરઃ ૩૦થી વધુ હોદ્દેદારોને ચુંટણીઓ જીતવાની સોંપાઈ જવાબદારી

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનાત્મક ગતિવિધીઓને વેગ આપવા માટે જિલ્લાના નવા હોદ્દેદારોને સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશના નેતૃત્વ સાથે વિચાર વિમર્સ કર્યા બાદ સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે પોતાની આગવી ફોઝ ઉભી કરી છે. આ યાદીમાં કેટલીક નવી નિમણુંકો કરવામાં આવી છે. જેમાં અનુભવી કાર્યકરોની સાથે સામાજિક સમીકરણોનુ પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે.



નવા જાહેર કરાયેલા માળખા મુજબ મુખ્ય સંગઠનમાં કુલ ૨૧ હોદ્દેદારોને સ્થાન આપવામાં આવ્યુ છે. જેમાં ઉપપ્રમુખ તરીકે અશોકકુમાર જોશી, જયેશભાઈ પટેલ અને પ્રવિણસિંહ રહેવર સહિત ૮ સભ્યોની વરણી કરવામાં આવી છે. જયારે મહામંત્રી પદે પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા અને ગણપતસિંહ ઝાલાને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ સ્તરે ૮ મંત્રીઓ, ૧ કોષાધ્યક્ષ અને ૧ કાર્યાલય મંત્રીની પણ વરણી કરવામાં આવી છે. પાર્ટીના વિવિધ પાંખ એટલે કે મોરચાઓ માટે પણ નવા ચહેરાઓની જાહેરાત કરાઈ છે. યુવા મોરચાના પ્રમુખ તરીકે ધવલભાઈ રાવલ અને મહિલા મોરચાના પ્રમુખ તરીકે શ્રીમતી કાજલબેન દોશી ની પસંદગી કરવામાં આવી છે.

જયારે કિસાન મોરચાના સુકાની તરીકે કલ્પેશભાઈ પટેલ અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે રાજેશકુમાર પંચાલની વરણી કરવામાં આવી છે. અનુસુચિત જાતિ અને જનજાતિ તેમજ લઘુમતિ મોરચામાં પણ સક્ષમ કાર્યકર્તાઓને પદ સોંપાયા છે. જેમાં લઘુમતિ મોરચામાં નવા ચહેરાઓની નિમણુંક કરવામાં ન આવતા આ મુદ્દો હાલમાં ચર્ચાસ્પદ બન્યો છે. આધુનિક પ્રચાર પ્રસાર ના જમાનામાં ભાજપે સોશીયલ મીડીયા અને આઈટી સેલ ને મહત્વનુ સ્થાન આપ્યુ છે. સોશીયલ મીડીયા કન્વીનર તરીકે પટેલ અશ્વિનભાઈ અને આઈટી વિભાગની જવાબદારી માટે સુધીરભાઈ પટેલને સોંપવામાં આવી છે. જયારે મીડીયા વિભાગમાં પંકજભાઈ ધુવાડને કન્વીનર તરીકે ની જવાબદારી સોંપવામાં આવી છે. આ નવી ટીમ ડીઝીટલ પ્લેટફોર્મ પર પાર્ટીની વિચારધારા અને કામગીરીને વધુ આક્રમક રીતે રજુ કરશે.

સાબરકાંઠા જિલ્લા ભાજપની આ નવી ટીમ આગામી સમયમાં સંગઠનના કાર્યો અને સરકારની યોજનાઓને જન જન સુધી પહોચાડવા માટે કાર્યરત થશે. જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે આ નવી ટીમ સાથે પાર્ટી વધુ મજબુત બનશે અને આગામી આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં કોંગ્રેસને ઘર ભેગી કરવામાં સક્ષમ રહેશે. કાર્યકરોમાં પણ નવા માળખાની જાહેરાત બાદ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ગાંધીધામ-આદીપુર રેલવે સેક્શનમાં ચૌહરિકરણ કરવાના કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ-આદીપુર ચૌહરિકરણ (Quadrupling) પરિયોજના હેઠળ ગાંધીધામ કેબિન-આદીપુર સ્ટેશનો વચ્ચે કમીશનીંગથી સંબંધિત સૂચિત (TWO) કામને લીધે ૦૪ ફેબ્રુઆરીથી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે.

અમદાવાદ મંડળના ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ કેબિન અને આદીપુર સ્ટેશનો વચ્ચે ચારગણા (Quadrupling) કમીશનીંગનું કામ પ્રગતિ પર છે. આ પરિયોજના ક્ષેત્રમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્વનું પગલું છે. ચારગણું થવાથી આ સેક્શનની લાઈન ક્ષમતામાં વૃદ્ધિ થશે, જેનાથી ટ્રેનોનું સંચાલન વધુ સુગમ, સમયબદ્ધ અને સુરક્ષિત થશે. સાથે જ માલ અને યાત્રી ટ્રાફિકનું ઉત્તમ વ્યવસ્થાપન થશે, જેનાથી ક્ષેત્રીય વેપાર, ઉદ્યોગ અને યાત્રીઓને લાભ મળશે.

અમદાવાદ મંડળ દ્વારા પરિયોજનાને સમય-સીમામાં પૂર્ણ કરવાના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પહેલ ભારતીય રેલવેની આધુનિક, ઝડપી અને વિશ્વાસપાત્ર રેલવે સેવાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

પૂર્ણરૂપે રદ ટ્રેનો

૧. ટ્રેન નંબર ૧૯૪૦૫/૧૯૪૦૬ પાલનપુર-ગાંધીધામ-પાલનપુર એક્સપ્રેસ ૦૫ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૧૨૯૬૬ ભુજ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૧૨૯૬૫ બાન્દ્રા ટર્મિનસ-ભુજ એક્સપ્રેસ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૪. ટ્રેન નંબર ૧૨૯૫૯ બાન્દ્રા ટર્મિનસ-ભુજ એક્સપ્રેસ ૦૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૫. ટ્રેન નંબર ૧૨૯૬૦ ભુજ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૬. ટ્રેન નંબર ૦૯૪૧૫/૦૯૪૧૬ બાન્દ્રા ટર્મિનસ-ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૭. ટ્રેન નંબર ૨૨૯૫૨ ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૮. ટ્રેન નંબર ૨૨૯૫૧ બાન્દ્રા ટર્મિનસ-ગાંધીધામ એક્સપ્રેસ ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૯. ટ્રેન નંબર ૦૯૦૦૯ બાન્દ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલ ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૧૦. ટ્રેન નંબર ૦૯૦૧૦ ભુજ-બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૧૧. ટ્રેન નંબર ૦૯૦૧૧ બાન્દ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૧૨. ટ્રેન નંબર ૦૯૦૧૨ ભુજ-બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

આંશિક રદ ટ્રેનો

૧. ટ્રેન નંબર ૨૦૯૦૭ દાદર-ભુજ સયાજી નગરી એક્સપ્રેસ ૪,૭ અને ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગાંધીધામ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૨૦૯૦૮ ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસ ૫,૮ અને ૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૨૨૯૫૫ બાન્દ્રા ટર્મિનસ-ભુજ કચ્છ એક્સપ્રેસ ૫,૬ અને ૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગાંધીધામ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૪. ટ્રેન નંબર ૨૨૯૫૬ ભુજ-બાન્દ્રા ટર્મિનસ કચ્છ એક્સપ્રેસ ૬,૭ અને ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૫. ટ્રેન નંબર ૧૪૩૨૧/૧૪૩૧૧ બરેલી-ભુજ એક્સપ્રેસ ૪ ફેબ્રુઆરીથી ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ગાંધીધામ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સામાખ્યાલી અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૬. ટ્રેન નંબર ૧૪૩૨૨/૧૪૩૧૨ ભુજ-બરેલી એક્સપ્રેસ ૫ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભુજ-સામાખ્યાલી વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૭. ટ્રેન નંબર ૨૨૯૦૩ બાન્દ્રા ટર્મિનસ-ભુજ એસી એક્સપ્રેસ ૪,૬ અને ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગાંધીધામ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ અમદાવાદ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૮. ટ્રેન નંબર ૧૬૩૩૬ નાગરકોઈલ-ભુજ એક્સપ્રેસ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ અમદાવાદ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૯. ટ્રેન નંબર ૨૨૯૦૪ ભુજ-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૫,૭ અને ૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભુજ અને ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભુજ અને અમદાવાદ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૧૦. ટ્રેન નંબર ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમોભારત એક્સપ્રેસ ૫ ફેબ્રુઆરી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ગાંધીધામ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ધ્રાંગધ્રા અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૧૧. ટ્રેન નંબર ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમોભારત એક્સપ્રેસ ૬ ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ભુજ અને ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભુજ અને ધ્રાંગધ્રા વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૧૨. ટ્રેન નંબર ૨૦૯૮૪ દિલ્લી સરાય રોહિલ્લા-ભુજ એક્સપ્રેસ ૪ અને ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગાંધીધામ અને ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૧૩. ટ્રેન નંબર ૨૦૯૮૩ ભુજ-દિલ્લી સરાય રોહિલ્લા એક્સપ્રેસ ૬ અને ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૧૪. ટ્રેન નંબર ૧૧૦૯૨ પુણે-ભુજ એક્સપ્રેસ ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગાંધીધામ-ભુજ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૧૫. ટ્રેન નંબર ૧૧૦૯૧ ભુજ-પુણે એક્સપ્રેસ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૧૬. ટ્રેન નંબર ૨૨૪૮૩ ભગત કી કોઠી-ગાંધીધામ એક્સપ્રેસ ૧૦,૧૧ અને ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ભીલડી-ગાંધીધામ વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૧૭. ટ્રેન નંબર ૨૨૪૮૪ ગાંધીધામ-ભગત કી કોઠી એક્સપ્રેસ ૧૧,૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગાંધીધામ-ભીલડી વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો

- ટ્રેન નંબર ૨૦૯૦૭ દાદર-ભુજ સયાજી નગરી એક્સપ્રેસ ૫,૬,૯ અને ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પરિવર્તિત માર્ગ વાયા આદિપુર-ગાંધીધામ કેબિન-ભીમાસરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન ગાંધીધામ સ્ટેશન પર જશે નહીં.
- ટ્રેન નંબર ૨૦૯૦૮ ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસ ૬,૭,૧૦,૧૧ અને ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ભીમાસર-ગાંધીધામ કેબિન-આદિપુરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન ગાંધીધામ સ્ટેશન પર જશે નહીં.
- ટ્રેન નંબર ૨૨૯૫૫ દાદર-ભુજ સયાજી નગરી એક્સપ્રેસ ૭,૮,૧૦ અને ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ભીમાસર-ગાંધીધામ કેબિન-આદિપુરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન ગાંધીધામ સ્ટેશન પર જશે નહીં.
- ટ્રેન નંબર ૨૨૯૫૬ ભુજ-બાન્દ્રા ટર્મિનસ કચ્છ એક્સપ્રેસ ૫,૮,૯,૧૧ અને ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પરિવર્તિત માર્ગ વાયા આદિપુર-ગાંધીધામ કેબિન-ભીમાસરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન ગાંધીધામ સ્ટેશન પર જશે નહીં.
- ટ્રેન નંબર ૨૦૯૮૪ દિલ્લી સરાય રોહિલ્લા-ભુજ એક્સપ્રેસ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ભીમાસર-ગાંધીધામ કેબિન-આદિપુરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન ગાંધીધામ સ્ટેશન પર જશે નહીં.

## રાજયની ૨૨૪ એપીએમસીની થશે કાયાપલટઃ સરકારે સહાયમાં ૧૦૦ ટકાનો કર્યો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ખેડુતો અને વેપારીઓ માટે સરકારે એપીએમસી માટે ૧૦૦ ટકા સહાય આપવાની જાહેરાત કરી છે. રાજયની ૨૨૪ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ ના વિકાસ માટે સરકારે હવે પોતાની તીજોરીના દરવાજા ખોલવાનો નિર્ણય લીધો છે. ગાંધીનગર ખાતે ગુજરાત નિયંત્રણ બજાર સંઘ ના હોદ્દેદારો અને રાજયના કૃષિ મંત્રી જીતુ વાઘાણી વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.



આ બેઠકમાં સૌથી મોટો નિર્ણય માર્કેટયાર્ડના ઈન્ફ્રાસ્ટ્રકચર અને બાંધકામ સહાયને લઈને લેવામાં આવ્યો હતો. સંઘની રજુઆતને ગ્રાહ્ય રાખીને કૃષિ મંત્રીએ જાહેરાત કરી હતી કે હવે એપીએમસીને બાંધકામ માટે મળતી ગ્રાન્ટ માં સીધો બમણો વધારો કરવામાં આવશે. એટલે કે અત્યાર સુધી રૂપીયા ૫ કરોડની સહાય મળતી હતી તે વધારીને હવે રૂપીયા ૧૦ કરોડ કરવામાં આવશે. જો કે ઉલ્લેખનીય છે કે સંઘ દ્વારા વિકાસ કામો માટે રૂપીયા ૧૫ કરોડની માંગણી કરવામાં આવી હતી. પરંતુ સરકારે હાલ પુરતી રૂપીયા ૧૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરી છે. આ નિર્ણય થી માર્કેટયાર્ડમાં ગોડાઉન, દુકાનો અને અન્ય સુવિધાઓ ઉભી કરવામાં મોટી મદદ મળશે.

એપીએમસીની આવકના મુખ્ય સ્ત્રોત સમાન શેષ ના મુદ્દે પણ સરકારે હકારાત્મક વલણ દાખવ્યુ છે. હોદ્દેદારોએ મંત્રી સમક્ષ માંગણી કરી હતી કે ટેકાના ભાવે થતી ખરીદી પર પણ એપીએમસીને શેષ મળવી જોઈએ, મંત્રીએ આ બાબતે ખાત્રી આપી હતી કે આગામી દિવસોમાં સરકાર આ દિશામાં ચોકકસ અને હકારાત્મક નિર્ણય લેશે. આ બેઠકનો સૌથી જટીલ અને સંવેદનશીલ મુદ્દો એપીએમસીના કર્મચારીઓના પગાર અને દરજજાનો હતો. સંઘે મજબુત દલીલ કરી હતી કે ગુજરાત અને મહારાષ્ટ્ર સિવાય દેશના અન્ય તમામ રાજયોમાં એપીએમસીના કર્મચારીઓને સરકાર દ્વારા પગાર ચુકવવામાં આવે છે તેથી ગુજરાતમાં પણ આ પ્રથા અમલી બનવી જોઈએ. આ રજુઆતને અત્યંત ગંભીરતાથી લઈને કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ કર્મચારીઓને આશ્વાસન આપ્યુ હતું. તેમણે ખાત્રી આપી હતી કે એપીએમસીના કર્મચારીઓને સરકાર હસ્તક ગણવા અને પગાર ધોરણ નકકી કરવા અંગેનો પ્રસ્તાવ આગામી કેબિનેટ બેઠક માં મુકવામાં આવશે. જયાં તેના પર આખરી નિર્ણય લેવાશે. આ મહત્વપૂર્ણ બેઠકમાં સહકાર વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ નિર્ણયોથી રાજયની ૨૨૪ માર્કેટયાર્ડની આર્થિક સ્થિતિ સુધરશે અને માળખાગત સુવિધાઓમાં વધારો થશે તે નકકી છે. સરકાર ના આ પગલાને સહકારી ક્ષેત્રના આગેવાનોએ આવકાર્યો છે.

# ગાંધીનગર સહિત રાજયભરમાં છેલ્લા ૩ દિવસથી ઈ-ધરા સર્વર ઠપ : ખેડુતોને ખાવા પડતા ધરમધકકા

## રાજયભરની સરકારી કચેરીઓમાં કનેકિટવિટીના ધાંધીયા યથાવતઃ વેચાણ- વારસાઈ નોંધના કામ અટકયા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં મહેસુલ વિભાગને લગતી મોટાભાગની કામગીરી ઓનલાઈન થઈ ગઈ છે. ત્યારે કલેકટર કચેરીઓમાં પણ ઓનલાઈન કામગીરી તેમજ વિવિધ નકલો મેળવવાની કામગીરી જનસેવા કેન્દ્રો તથા ઈ-ધરામાં થાય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી સર્વરમાં ખામીઓ સર્જાવવાના કારણે જનસેવા કેન્દ્રોમાં આવતા અરજદારોને ધકકા ખાવાની નોબત આવી પડી છે. એટલુ જ નહી ઈ- ધરા કેન્દ્રોમાંથી ૭/૧૨ અને ૮-અ ના



ઉતારાની નકલો પણ આપવાની બંધ છે. જેના કારણે ખેડુત ખાતેદારોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એટલુ જ નહી કામ માટે ધકકા ખાવાનો વારો આવ્યો છે. સર્વર ની ખામી કયારે દુર થશે તે પણ નકકી નહી હોવાથી અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. મહેસુલી બાબતોને લઈને તમામ પ્રકારની કામગીરી તેના દસ્તાવેજી પુરાવાને આધારે કરવામાં આવતી હોય છે. જમીન સંબંધીત કામોમાં તેના ખાતેદારો તેમજ ઉતારાની ખરાઈ કરીને અધિકારીઓ દ્વારા પણ મંજુરી સંબંધીત કામગીરી કરાતી હોય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી કલેકટર કચેરીઓ ખાતે આવેલ જનસેવા કેન્દ્રો તેમજ જિલ્લાની અન્ય કચેરીઓ ખાતે સર્વર ની સમસ્યા હોવાથી મોટાભાગના મહેસુલી કામો અટકી પડયા છે. છેલ્લા ૩ દિવસથી સર્વર ની સમસ્યાને કારણે જમીન લે-વેચ અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સુત્રો દ્વારા મળેલી માહિતી મુજબ ટેકનીકલ ખામીને કારણે ગાંધીનગર સહિત રાજયભરના ઈ-ધરા કેન્દ્રો પર સર્વર કનેકિટવિટી ખોરવાઈ ગઈ છે. સામાન્ય રીતે ખેડુતોને ધિરાણ, વેચાણ કે વારસાઈ માટે જરૂરી એવા જમીનના દસ્તાવેજો મેળવવા માટે આ પોર્ટલ ખુબ જ અનિવાર્ય છે. પરંતુ છેલ્લા ૩ દિવસથી સર્વર ડાઉન હોવાના કારણે ખેડુતો ભારે પરેશાન થઈ રહ્યા છે.

# જુનાગઢ જિલ્લાના મેંદરડા ના ટીડીઓ ટી વી રાદડીયા રૂ.૮૦ હજારની લાંચ લેતા ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં વહિવટી તંત્ર માં ચાલતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. મેંદરડા ના તાલુકા વિકાસ અધિકારી ટી વી રાદડીયાએ એટીવીટી યોજના હેઠળના વિકાસ કામોના બીલ મંજુર કરવાની અવેજમાં એક અરજદાર પાસેથી રૂપીયા ૮૦ હજાર ની લાંચ ની માંગણી કરી હતી. આ બાબતે અરજદારે લાંચ રૂશ્વત બ્યુરો કચેરીનો સંપર્ક સાધતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

ફરીયાદના આધારે એસીબીની ટીમે મેંદરડા તાલુકા પંચાયત કચેરી



ખાતે સુનિયોજીત છટકુ ગોઠવ્યુ હતું. આજે સોમવારે ઉઘડતા દિવસે જયારે ટી વી રાદડીયા પોતાની જ ઓફીસમાં બેસીને અરજદાર પાસેથી લાંચની રકમ સ્વીકારી રહ્યા હતા, ત્યારે એસીબીએ ત્રાટકીને તેમને રંગે હાથ ઝડપી લીધા હતા. સરકારી અધિકારીની પોતાની જ ચેમ્બરમાં થી ધરપકડ થતાં કચેરીના અન્ય સ્ટાફ અને તાલુકામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. હાલમાં એસીબી દ્વારા ટી વી રાદડીયા વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સાથે જ પોલીસ દ્વારા તેમની ખાનગી મિલ્કતો અને અન્ય કોઈ વ્યવહારમાં સંડોવણી છે કે કેમ તે અંગે પણ જીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. રાજયમાં ભ્રષ્ટ અધિકારીઓ સામે એસીબી ની આ કાર્યવાહી એક લાલબત્તી સમાન માનવામાં આવે છે.

# કોળી સમાજનો રણકારઃ જીતુ વાઘાણીને ૨૦૨૭માં કોળી સમાજનો પાવર બતાવીને રહીશું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભાવનગર જિલ્લાના બગદાણામાં પૂર્વ સરપંચ નવનીત બાલધીયા પર થયેલા જીવલેણ હુમલાનો વિવાદ હવે શાંત પડવાને બદલે વધુ ઉગ્ર અને રાજકીય બની રહ્યો છે. આ મામલે કોળી સમાજે હવે આરપાર ની લડાઈના મંડાણ કર્યા છે. ગઈ કાલે ભાવનગર શહેરના પશ્ચિમ વિધાનસભા વિસ્તાર જે રાજયના કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીનો ગઢ ગણાય છે. ત્યાં કુંભારવાળા વિસ્તારમાં કોળી સમાજની એક વિશાળ ન્યાય સભા યોજાઈ હતી.

જેમાં તમામ રાજકીય આગેવાનો ગેરહાજર રહ્યા હતા. ન્યાય સમિતિના સભ્યોએ પોલીસ અને કૃષિ મંત્રી જીતુ




વાઘાણી સામે રોષ વ્યકત કર્યો હતો. કોળી સમાજને રોડે ચડાવનાર પોલીસ છે, પીઆઈ ડી વી ડાંગરના પટ્ટા નહી ઉતરે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. તેને ડીસમીસ કરવાની માંગણી ઉઠાવાઈ હતી. કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને માયાભાઈ આહીર સારા મિત્રો છે, અમે ૨૦૨૭ માં કોળી સમાજનો પાવર બતાવી દઈશુ તેવો આક્રોશ વ્યકત કર્યો હતો. આગામી સમયમાં બગદાણામાં રાજય જ નહી દેશભરનુ સંમેલન બોલાવવાની ચેતવણી હુમલાના ભોગ ગ્રસ્ત નવીન બાલધીયાએ ઉચ્ચારી હતી. ભાવનગર શહેરના કુંભરવાળામાં કોળી-ઠાકોર સમાજની ન્યાય સભા મળી હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો એકત્ર થયા હતા. રાજુલામાં રોડ ટચ કરોડો રૂપીયાની જમીન પર કબ્જો લેવા મામલે માયાભાઈ આહીર અને અમરીશભાઈ ડેર સામે પણ આંગળી ચીંધવામાં આવી હતી. સભામાં આત્મવિલોપન કરવાની જે તે સમયે ચીમકી ઉચ્ચારનાર સમાજના યુવકોએ તેમજ અન્ય વકતાઓએ સભાને સંબોધી હતી.

સભામાં એવો સુર વ્યકત કરાયો હતો કે પી આઈ ડાંગર ના લીધે જ કોળી સમાજે રોડે ચડવુ પડયુ છે. સભા જે સ્થળે હતી તે મતવિસ્તાર જીતુ વાઘાણીનો છે, જે માયાભાઈ આહીરના મિત્ર છે. તેને પણ ધોળા દિવસે તારા દેખાડવાના છે. ૨૦૨૭ માં અમે તેમને તારા બતાવીને રહીશુ,

# બાલાસિનોરમાં વિદ્યાર્થીને માર મારવાના કેસમાં આવ્યો રાજકીય વળાંક : કેટલાક આગેવાનો સંવેદનશીલ મુદ્દે રાજકીય રોટલા શેકવા અને વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે : પૂર્વ ધારાસભ્ય

પ્રતિનિધિ,ગાંધીનગર

મહિસાગર જિલ્લાના બાલાસિનોરમાં પોલીસ દ્વારા એક વિદ્યાર્થીને ઢોર માર મારવામાં આવ્યો હોવાની ઘટનાએ હવે મોટુ રાજકીય સ્વરૂપ ધારણ કર્યુ છે. આ કેસમાં પોલીસની કામગીરી અને રાજકીય આગેવાનોની દખલગીરીને લઈને વિવાદ વકર્યો છે.




સુત્રોના કહેવા પ્રમાણે બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ પર એક વિદ્યાર્થીને નિર્દયતાથી માર મારવાનો ગંભીર આરોપ લાગ્યો છે. એક મંદિરમાં થયેલી ચોરીના કેસમાં માત્ર શંકાના આધારે પોલીસ દ્વારા વિદ્યાર્થીને પુછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. પરીવારજનોના કહેવા પ્રમાણે પુછપરછ દરમિયાન પોલીસ કર્મચારીઓ અને મહિલા પીઆઈએ વિદ્યાર્થીને પટ્ટા વડે ઢોર માર માર્યો હતો. મારને કારણે વિદ્યાર્થીની હાલત બગડતા તેને ઉલ્ટી અને ગભરાણ થવા લાગી હતી. જેના કારણે તેને તાત્કાલીક સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ વિવિધ પક્ષના રાજકીય નેતાઓ પીડીત પરીવારની વ્હારે આવ્યા હતા જેનાથી મહિસાગર જિલ્લાનુ રાજકારણ ગરમાયુ છે.

આ કેસમાં બાયડના અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પીડીત વિદ્યાર્થીની મુલાકાત લીધી હતી. તેમણે જિલ્લા પોલીસવડા સાથે ટેલીફોનીક વાતચીત કરી જવાબદાર પોલીસ અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. ધવલસિંહ ઝાલાએ એવો પણ ગંભીર આરોપ લગાવ્યો છે. કે પીઆઈ દ્વારા વિદ્યાર્થીના પિતા પર સમાધાન કરવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યુ છે. ધવલસિંહ ઉપરાંત ધારાસભ્ય માનસિંહ ચૌહાણે પણ પીડીત પરીવારની મુલાકાત લઈને ન્યાય ની ખાત્રી આપી હતી.

હવે આ મામલે પૂર્વ ધારાસભ્ય રાજેશ પાઠકે પણ ઝંપલાવ્યુ છે. તેમણે બહારના નેતાઓની દખલગીરી સામે વાંધો ઉઠાવ્યો છે. રાજેશ પાઠકે નામ લીધા વગર ધવલસિંહ ઝાલા પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે કેટલાક આગેવાનો આ સંવેદનશીલ મુદ્દે રાજકીય રોટલા શેકવા અને વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યુ કે આ પ્રશ્ન બાલાસિનોરનો છે અને તેમની ટીમ આ સમસ્યા ઉકેલવા સક્ષમ છે. તેમને સરકાર અને પોલીસની તપાસ પર સંપૂર્ણ વિશ્વાસ છે. ઘટનાની ગંભીરતાને જોતા જિલ્લા પોલીસવડાએ સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા છે. જો કે હજુ સુધી આ મામલે સત્તાવાર રીતે કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવી નથી. અત્યારે સૌની નજર પોલીસ તપાસ અને સરકાર ના આગામી પગલા પર ટકેલી છે. શું ખરેખર જવાબદાર પીઆઈ સામે કાર્યવાહી થશે કે કેમ તેની લોકો મીટ માંડીને બેઠા છે.

# ના બેટા નુ ના બાપનુ હવે ગુજરાત આપનુ : ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ નવા નારા સાથે નવા અભિયાનની કરી શરૂઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ નવા નારા સાથે નવા રાજકીય અભિયાનની શરૂઆત કરી છે. આ અભિયાન અંતર્ગત આમ આદમી પાર્ટી દ્વારા ના બેટા નુ ના બાપનુ હવે ગુજરાત આપનુ એવો નવો નારો જાહેર કરવામાં આવ્યો છે. આ નારો આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાએ જાહેર કર્યો છે. ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે ગુજરાત કોઈ ભાજપના બાપનુ કે નેતાઓના દિકરાઓના બાપ નુ નથી, તેમણે આક્ષેપ કર્યો હતો કે રાજયમાં અનેક બાપ દિકરાઓની જોડી ગુજરાતને બરબાદ કરી રહી છે.

ભાજપમાં બાપ દિકરાઓની જોડી બની ગઈ છે. અને બંનેના બે નંબરના ધંધા ચાલી રહ્યા છે એવો




ગંભીર આરોપ પણ તેમણે મુકયો હતો. આ નવા નારા સાથે આમ આદમી પાર્ટી ગુજરાતની ગલી ગલી સુધી પહોચશે. ગોપાલ ઈટાલીયાએ વધુમાં કહ્યુ હતુ કે ભાજપના નેતાઓના દિકરાઓ વિવિધ ગેરરીતીઓમાં પકડાઈ રહ્યા છે. કોઈ દિકરો મનરેગામાં પકડાયો, કોઈ ડ્રગ્સ વેચતા ઝડપાયો, તો કોઈ કટકી કરતા પકડાયો , તેમણે આરોપ લગાવ્યો કે ગુજરાતમાં ભાજપના નેતાઓની દાદાગીરી અલગ છે. અને તેમના દિકરાઓની દાદાગીરી અલગ રીતે ચાલી રહી છે,

નવા અભિયાન અંગે વાત કરતા ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે આ નવા નારા સાથે આમ આદમી પાર્ટી ગુજરાતની ગલી ગલી સુધી પહોચશે. આ ગુજરાત ભાજપનુ નથી, તેમણે કહ્યુ હતુ કે ભાજપના નેતાઓને જે જમીન ગમી જાય છે ત્યાં રાતોરાત બુલડોઝર આવી જાય છે. અમદાવાદ, રાજકોટ, સુરત સહિત જયાં જયાં બુલડોઝર કાર્યવાહી થાય છે ત્યાં આમ આદમી પાર્ટી પીડીત લોકોની સાથે ઉભી રહેશે એવો તેમણે દાવો કર્યો હતો. ગોપાલ ઈટાલીયાએ વધુમાં કહ્યુ હતુ કે આ ગુજરાત ભાજપનુ નથી પરંતુ ખેડુતો, યુવાનો, મહિલાઓ, શ્રમિકો અને તમામ સામાન્ય લોકોનુ છે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે જયારે લોકોની આત્મા જાગશે અને જનતા ન્યાય કરશે ત્યારે ભાજપ પોતાનુ મોંઢુ બતાવી શકશે નહી. આમ આદમી પાર્ટી આ નવા અભિયાનથી રાજયના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવી ગયો છે.

## રાજકોટમાં જંગલેશ્વર વિસ્તારમાં ડીમોલિશન પર હાઈકોર્ટે આપ્યો સ્ટે :

# જંગલેશ્વરના રહીશોએ ભાજપના ધારાસભ્ય ઉદય કાનગડને રજુઆત કર્યા બાદ પણ કાનગડે હાથ અધ્ધર કરી દેતા રહીશોએ કોર્ટના દરવાજા ખટખટાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારના ડીમોલિશનની નોટીસ મામલે હાઈકોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે. ૩ મહિના સુધી જંગલેશ્વર વિસ્તારમાં ડીમોલિશન નહી થાય, હાઈકોર્ટે ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલને અપીલ પર નિર્ણય કરવા આદેશ આપ્યો છે. અરજદારોને રીહેબીલીટેશન માટે પણ કન્સીડર કરવા નિર્દેશ આપ્યો છે. અરજદારોએ ડીમોલિશનની નોટીસને હાઈકોર્ટ સાથે ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલમાં ચેલેન્જ પણ કરી છે.

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં ડીમોલિશન પર હાઈકોર્ટે રોક લગાવી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૭ જાન્યુઆરીએ રહેવાસીઓને ઘર ખાલી કરવા નોટીસ આપી હતી. આ નોટીસો લઈ રહેવાસીઓ ભાજપના ધારાસભ્ય



ઉદડ કાનગડ પાસે ગયા હતા અને રોક લગાડવાની વાત કરી હતી. તેમ છતાં ધારાસભ્યએ હાથ અધ્ધર કરી દેતા અંતે રહેવાસીઓએ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. રહેવાસીઓએ અગાઉ ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલમાં અપીલમાં ગયા હતા. જેથી કોર્ટે કહ્યુ કે ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલ ૩ મહિનામાં અપીલ નકકી કરે, ગુજરાત હાઈકોર્ટે ૨૦૨ ની નોટીસ રદ કરી નથી, પણ આ નોટીસ સામે ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલમાં જવા કહ્યુ છે. જો કે ટેકનીકલ રદ થઈ ગણાય, કેમ કે તેની અમલવારી હવે થશે નહી, આમ ડીમોલિશન થશે નહી.

ગુજરાત હાઈકોર્ટે અરજદારોને ૧૫ દિવસમાં ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલમાં અપીલ કરવા અને ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલે ૩ મહિનાની અંદર કેસ ચલાવવા આદેશ કર્યો છે. આ ઉપરાંત ૨૦૧૦ નુ પુનર્વસનનુ સરકયુલર ધ્યાને લેવા તાકીદ કરી છે. આ ઉપરાંત ૧૩૫૮ પરીવારોની રહેવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા માટે તંત્ર સમક્ષ પણ રજુઆત કરાશે. રાજકોટ જિલ્લા કલેકટર તંત્ર દ્વારા જંગલેશ્વર સહિત આજુબાજુની ૭ જેટલી સોસાયટીના ૧૩૫૮ પરીવારોને ડીમોલિશન માટેની ફાઈનલ નોટીસ આપવામાં આવી હતી. અસરગ્રસ્તોએ તાજેતરમાં મોટી સંખ્યામાં કલેકટર કચેરીએ દોડી જઈને ઉગ્ર રજુઆતો કરી હતી. રૂપીયા ૪૦૦ કરોડની કિંમતની અંદાજે ૧.૦૫ લાખ ચો.મી. જગ્યા ખાલી કરવાની નોટીસ મળતા અનેક પરીવારો ચિંતામાં મુકાઈ ગયા હતા.

# કમિશન ન પહોચે ત્યાં સુધી કોઈપણ કામનો વર્ક ઓર્ડર આપવામાં આવતો નથીઃ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ પર કર્યા આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજય સરકાર વિરૂધ્ધ જનઆક્રોશ યાત્રાના ત્રીજા તબકકાનો આજે બીજી ફેબ્રુઆરી સોમવાર થી પ્રારંભ થયો છે. ત્રીજા ચરણની આ યાત્રામાં દક્ષિણ ગુજરાતના જિલ્લા અને ગામડાઓને આવરી લેવામાં આવશે. જન આક્રોશ યાત્રા દરમિયાન કપરાડા ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ રાજયની ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે ગુજરાતમાં હવે કમિશન વિના કોઈ કામો થતા નથી.



ગુજરાત કોંગ્રેસ દ્વારા આ અગાઉ પ્રથમ ચરણમાં ઉત્તર ગુજરાત, દ્વિતિય ચરણમાં મધ્ય ગુજરાતના કુલ ૧૪ જિલ્લાઓ આવરીને ૭૨ જાહેર સભાઓ તેમજ ૩૫૦ જેટલા સ્થાનિક સ્વાગત પોઈન્ટ, શહેરોમાં યુવા સાથીઓ સાથે બાઈક રેલી થકી કુલ ૨૭૦૦ કિ.મી. ના પ્રવાસ બાદ જન આક્રોશ યાત્રા પરીવર્તનનો શંખનાદ ના ત્રીજા ચરણની શરૂઆત કરવામાં આવી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, ગુજરાત સંગઠન સહ પ્રભારી શ્રી નિવાસ બી વી, રાષ્ટ્રીય આદિવાસી કોંગ્રેસના ચેરમેન ડો. વિક્રાંત ભુરીયા, ધારાસભ્ય અનંત પટેલ તથા વરીષ્ઠ આગેવાનો સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં જનઆક્રોશ યાત્રા-પરીવર્તનનો શંખનાદ- દક્ષિણ ગુજરાતમાં વલસાડ કપરાડાથી શરૂ કરવામાં આવી છે. ૧૧૦૦ કિ.મી. ની ત્રીજા ચરણની યાત્રા દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાઓના વિવિધ ગામડાઓ અને શહેરોની આવરી લેશે. સમગ્ર યાત્રા દરમિયાન વિવિધ જનસંવાદ કાર્યક્રમો, યુવા બાઈક રેલી, જાહેર સભાઓ અને સ્વાગત પોઈન્ટ દ્વારા દક્ષિણ ગુજરાતની જનતાના મુખ્ય પ્રશ્નો, મુશ્કેલીઓ અને આક્રોશ ને મજબુત રીતે વાચા આપવામાં આવશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ દક્ષિણ ગુજરાતની જનતાના ગંભીર પ્રશ્નો ઉજાગર કરતા જણાવ્યુ હતુ કે આજે દક્ષિણ ગુજરાત અનેક મોરચે સંકટમાં ફસાયેલુ છે. સુરત, ભરૂચ, વલસાડ અને તાપી જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં નાના અને મધ્યમ ઉદ્યોગો બંધ થવાના કારણે રોજગાર સંકટ ઘેરૂ બન્યુ છે અને હજારો શ્રમિકો તથા યુવાનો બેરોજગાર બન્યા છે. ખાસ કરીને સુરતના હીરા અને ટેક્ષ ટાઈલ ઉદ્યોગમાં આવેલી મંદીના કારણે કામદારોની છટણી, પગારમાં કપાત અને રોજગારની અનિશ્ચિતતાએ હજારો પરીવારોના જીવન પર સીધી અસર કરી છે. વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે આદિવાસી સમાજની જમીન અને જંગલ અધિકારના પ્રશ્નો હજુ પણ અધુરા છે, ફોરેસ્ટ રાઈટ એકટ હેઠળના હકકો ન મળવા, જમીન કબ્જા અને પુનર્વસન તથા વળતર સંબંધિત પ્રશ્નો અંગે સરકાર મૌન છે, આદિવાસી વિસ્તારમાં રહેતા સમાજના અસલ નિવાસીઓને પણ પ્રમાણપત્રો મેળવવામાં અડચણ થઈ રહી છે. ભરૂચ અને અંકલેશ્વર જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં વધતા હવા અને પાણીના પ્રદુષણથી લોકોના આરોગ્ય પર ગંભીર અસર પડી રહી છે અને કેન્સર તથા શ્વાસરોગ જેવા રોગોમાં વધારો થઈ રહ્યો છે.

# રાજયના ૮ જિલ્લાઓમાં વરસાદની આગાહીઃ ૪ જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનમાં વધઘટ જોવા મળી રહી છે. આજે બીજી ફેબ્રુઆરી ના રોજ સવાર થી ગુજરાતના કેટલાક વિસ્તારોના હવામાનમાં પલ્ટો આવ્યો છે. આ સાથે કેટલાક વિસ્તારોમાં વરસાદ પણ પડયો હતો. હવામાન વિભાગે આજની બીજી ફેબ્રુઆરી ની લેટેસ્ટ આગાહીમાં ગુજરાતના ૮ જિલ્લામાં વરસાદ પડવાની આગાહી આપી છે. તો બીજી તરફ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહી થાય તેવુ પણ જણાવવામાં આવ્યુ છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેકટર એ કે દાસે આજે ગુજરાતના હવામાન અંગેની આગાહી આપી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે ભેજ અને પવનની દિશાને કારણે ઠંડી ઓછી થઈ ગઈ છે. આ સાથે તેમણે



આજે વરસાદની આગાહી કરતા જણાવ્યુ હતુ કે વડોદરા, ભરૂચ, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં હળવો વરસાદ થવાની શકયતા છે. આ સાથે આજે અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં તો યલો એલર્ટ આપી દેવામાં આવ્યુ છે. આ ૪ જિલ્લાઓમાં વિજળી અને કડાકા ભડાકા થવાની પણ આગાહી કરી છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આજે સોમવારે વરસાદ નોંધાયો હતો. આજે સોમવારે પંચમહાલ જિલ્લાના કેટલાક વિસ્તારો અને મહિસાગર જિલ્લામાં હળવો વરસાદ વરસ્યો હતો. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં માવઠુ થયુ હતું. મોરવા રેણા પંથકમાં ભર શિયાળામાં કમોસમી વરસાદ વરસતા ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. સવાર થી વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ કમોસમી વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત મહિસાગર જિલ્લામાં વહેલી સવાર થી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. આકાશમાં કાળા ડીંબાગ વાદળો ઘેરાયા બાદ સંતરામપુર પંથકમાં હળવુ વરસાદી ઝાપટુ પડયુ હતું. જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સહિત મહિસાગરના મોટાભાગના તાલુકાઓમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યુ હતું. વાતાવરણમાં આવેલા આ અચાનક પલ્ટાને કારણે ખેડુતોની ચિંતા વધી છે. ભારતીય હવામાન વિભાગે સોમવારે પશ્ચિમ ઘાટ ના જિલ્લાઓમાં હળવો વરસાદ થવાની આગાહી કરી છે. કારણ કે પડોશી દરીયાકાંઠાના વિસ્તારોમાં અનેક ઓછા દબાણવાળી સિસ્ટમો અસ્તિત્વમાં છે. અધિકારીઓના કહેવા પ્રમાણે દક્ષિણ પૂર્વ અરબી સમુદ્ર અને લક્ષદ્વીપ અને કેરળ દરીયાકાંઠાની આજુબાજુના વિસ્તારોમાં હાલમાં ઓછા દબાણવાળા ચક્રવાતી પરીભ્રમણ સક્રિય છે. વધુમાં કોમોરીન સમુદ્ર અને આજુબાજુના વિસ્તારોમાં વધુ એક ઓછા દબાણવાળા ચક્રવાતી પરીભ્રમણની રચના થઈ છે. આ હવામાન પરીસ્થિતિઓ દક્ષિણ ભારતના કેટલાભ ભાગોમાં હવામાન પેટર્ન પર નોંધપાત્ર અસર કરશે તેવી અપેક્ષા છે. આ સિસ્ટમો પશ્ચિમ ઘાટના જિલ્લાઓમાં હળવા થી મધ્યમ વરસાદ લાવશે તેવી અપેક્ષા છે. એ નોંધવુ જોઈએ કે અગાઉ બંગાળની ખાડીમાં ઉદભવેલા વિક્ષેભોએ ઘણા દરીયાકાંઠાના વિસ્તારોમાં હવામાનને ખોરવી નાખ્યુ હતું.